***<u>આંક–૧ તળે હુકમ</u>*** :–

(૧) આજરોજ નામ. ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરાના પત્ર ક્રમાંક ડીએલએસએ / ૯૬૮/૨૦૧૯, તા.૦૮/૦૭/૨૦૧૯ ના પત્રમા આપવામા આવેલ સુચનાઓ મુજબ અત્રેની કોર્ટમા પેન્ડીગ પેટી કેસીસ, ટ્રાફીક કેસીસ, ડોરમન્ટ ફાઈલ પર મુકવામા આવેલ કેસો, વિગેરેના યોગ્ય નીકાલ માટે તથા ફો.કા.અ.ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્સ માટે તેમજ ફો.કા.અ.ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નીકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામા આવેલ છે.

(૨) સદર કામનું કેસ રેકર્ડ આજ રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ ઉપર લઈ, વંચાણે લીધું. સદર કામે આરોપી સામેનો ગુન્હો ધ્યાને લેતા, આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ અન્વયેના ગુન્હાનો આક્ષેપ છે. સદર કામે ફરીયાદી કે તેનાં વકીલશ્રી હાજર નથી. સદર કેસનુ રેકર્ડ ધ્યાને લેતા, સદર કેસ ઘણા સમયથી પેન્ડીંગ છે, તેમજ આ કામ આરોપીને પ્રોસેસ બજવણી માટે લાંબા સમયથી પેન્ડીંગ છે અને આજદીન સુધી આરોપી હાજર થયેલ નથી, તેમજ ફરીયાદીને વારંવાર તક આપવામાં આવેલ છે, તેમ છતાં, ફરીયાદી કે તેનાં વિ.વકીલશ્રી છેલ્લા ઘણા સમયથી હાજર રહેલ નથી કે કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈ પગલા લીધેલ નથી કે આજદીન સુધી તે અંગેનાં કોઈ વ્યાજબી કારણો દર્શાવતા કોઈ રીપોર્ટ પણ આ અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. આમ, તમામ હકીકતો હકીકતો અને ફરીયાદીનું વર્તન ધ્યાને લેતાં, ફરીયાદી હાજર રહેતા નથી અને આરોપીનું સરનામુ રજુ કરી, આરોપીને પ્રોસેસ બજવણી માટેની કાર્યવાહી કરેલ નથી. આથી, ફરીયાદીને સદર ફરીયાદ આગળ ચલાવવામાં કોઈ રસ નહી હોવાનું જણાઈ આવે છે. આ ઉપરાંત, ફરીયાદીની સતત ગેરહાજરી જણાઈ આવે છે અને આરોપીને હાજર કરાવવા કોઈ પગલા લીધેલ નથી.

(૩) આમ, ફરીયાદીની આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકે તેવું ચોકકસ સરનામુ રજુ

કરવાની નીષ્ફળતાના કારણે કેસની આગળની કાર્યવાહી થઈ શકેલ નથી. અને ફરીયાદીએ આરોપીનું યોગ્ય સરનામુ રજુ કરી, સદર કેસની આગળની કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. આથી, ફરીયાદીની સતત ગેરહાજરી અને નોન પ્રોસીકયુશનના અભાવે સદર ફરીયાદ ડીસમીસ કરવી આ કોર્ટને ન્યાયોચીત જણાય છે.

(૪) આ ઉપરાંત, આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલતનો એસ રામાક્રિષ્ના વિ. એસ રામી રેડ્ડી, ૨૦૦૮(૨) જી.એલ. એચ. પાના નં.૪૩૪ નો ચુકાદો તથા નામદાર વડી અદાલતનો એ.એચ.પઠાણ –વિ.– અમીન ટેક્ષટાઈલ, ૧૯૯૫(૧) જી. એલ. આર–૪૦૦ નાં ચુકાદાનાં પ્રસ્થાપિત સિઘ્ધાંતો વંચાણે લેતા, જયારે ફરીયાદી પોતાની ફરીયાદ બાબતે આગળની કાર્યવાહી કરતા ન હોય તો ફરીયાદ ફરીયાદીની ગેરહાજરી અને નોન પ્રોસીકયુશનના અભાવે ફરીયાદ ડીસમીસ કરવી જોઈએ. આથી, સદર ચુકાદાના પ્રસ્થાપિત સિઘ્ધાંતો તથા કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતા, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: <u>આ ખ રી હુ ક મ</u> :–

હાલની ફરીયાદ ફરીયાદીની આરોપીને પ્રોસેસ બજવણી થઈ શકે તેવું ચોકકસ સરનામુ રજુ કરવાની કસુરના કારણે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૯ ની સાથે વાંચતા કલમ–૨૫૬ ની જોગવાઈ ઓને આધીન સદર ફરીયાદ ડીસમીસ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ: ૧૩ મી, માહે : જુલાઈ, સને: ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

વડોદરા.
તા.૧૩/૦૭/૨૦૧૯

(જીતેશ વિષ્ણુપ્રસાદ જોશી)
૧૮મા એડી.સીનીયર સીવીલ જજ
વડોદરા.
(જજ કોડ જીજે૦૦૯૨૭)